# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, ભુજ

**Date : 30-01-2026 Day: Friday Evening : 6.25 to 6.30 pm**

આકાશવાણી ભુજ સમાચાર **પરેશ મારૂ** વાંચે છે.

---

## શિક્ષણમંત્રી દ્વારા વિદ્યાસહાયકોને નિમણૂક પત્રો

**રાજ્યના શિક્ષણમંત્રી ડૉ. પ્રદ્યુમન વાજાના હસ્તે આજે ભુજની આર.ડી. વરસાણી હાઇસ્કૂલ ખાતે કચ્છ ખાસ ભરતી અંતર્ગત ૧૬૩ વિદ્યાસહાયકોને નિમણૂંક પત્રો એનાયત કરવામાં આવ્યા હતા. આ પ્રસંગે મંત્રીશ્રીએ આ પત્રોને વિકસિત ભારતનો "સંકલ્પ પત્ર" અને નવયુક્ત શિક્ષકોને ઉજ્જવળ ભવિષ્યના "બ્રાન્ડ એમ્બેસેડર" ગણાવ્યા હતા.**

**શિક્ષણમંત્રીએ જણાવ્યું હતું કે, પ્રધાનમંત્રીના વિઝન મુજબ રાષ્ટ્રનું ઘડતર વર્ગખંડમાં થાય છે. નવી રાષ્ટ્રીય શિક્ષણ નીતિ દ્વારા બાળકોને 'નંબર ગેમ'માંથી બહાર લાવી તેમના કૌશલ્યના વર્ધન પર ભાર મૂકવામાં આવ્યો છે. ખાસ કરીને કચ્છ માટે "નિયુક્તિ ત્યાં જ નિવૃતિ"ની નીતિને તેમણે ઐતિહાસિક ગણાવી હતી, જે ગ્રામ્ય સ્તરે શિક્ષણની ગુણવત્તા અને સ્થિરતા જાળવવામાં મદદરૂપ થશે.**

**ધારાસભ્ય માલતીબેન મહેશ્વરી અને પ્રદ્યુમનસિંહ જાડેજાએ આ ભરતી બદલ સરકારનો આભાર માનતા જણાવ્યું હતું કે, આનાથી જિલ્લાના અંતરિયાળ વિસ્તારોમાં શિક્ષકોની ઘટ પૂરી થશે. કાર્યક્રમમાં જિલ્લા શિક્ષણ સમિતિના ચેરમેન વિરમભાઇ ગઢવી, જિલ્લા શિક્ષણાધિકારી સંજ્ય પરમાર, પ્રાથમિક જિલ્લા શિક્ષણાધિકારી પૃથ્વીરાજસિંહ ઝાલા, સહિત ઉચ્ચ અધિકારીઓ અને અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા.**

**------------------------------------------------------------------------------------**

## ડીપીએ દ્વારા MOU

સમુદ્રી વ્યાપારમાં કાર્બન ઉત્સર્જન ઘટાડવા અને 'ગ્રીન શિપિંગ'ને પ્રોત્સાહન આપવા માટે દીનદયાલ પોર્ટ ઓથોરિટી (DPA) અને આસામ પેટ્રો કેમિકલ્સ વચ્ચે કરાર કરવામાં આવ્યા છે. આસામના ડીબ્રુગઢ ખાતે કેન્દ્રીય શિપિંગ મંત્રી સર્બાનંદ સોનોવાલ અને મુખ્યમંત્રી હિમંતા બિસ્વા શર્માની ઉપસ્થિતિમાં ડીપીએ ચેરમેન સુશીલકુમાર સિંઘ દ્વારા કરાર ઉપર હસ્તાક્ષર કરાયા હતા.

આ વ્યૂહાત્મક ભાગીદારી હેઠળ કંડલા બંદર ખાતે રૂ. 1200 કરોડના રોકાણ સાથે ઈ-મિથેનોલ ઉત્પાદન પ્લાન્ટ સ્થાપવામાં આવશે. શરૂઆતમાં પ્રતિદિન 50 ટન અને ભવિષ્યમાં 150 ટન ઉત્પાદન ક્ષમતા ધરાવતો આ પ્રોજેક્ટ અંદાજે 3500 લોકોને રોજગારીની તકો પૂરી પાડશે.

---------------------------------------------------------------------------------------

## અંજારના 13 ગામોને વર્ક ઓર્ડર અપાયા

ઉચ્ચ અને ટેક્નિકલ શિક્ષણ રાજ્યમંત્રી ત્રિકમભાઈ છાંગાની ઉપસ્થિતિમાં અંજાર તાલુકા પંચાયત ખાતે ૧૩ ગામોના સરપંચોને અંદાજે રૂ. 118 લાખના વિવિધ વિકાસલક્ષી કામોના વર્કઓર્ડર એનાયત કરવામાં આવ્યા હતા. ડી.એમ.એફ. યોજના અંતર્ગત મોટી નાગલપર, મથડા, સાપેડા, વીડી, ચંદ્રાણી, દેવળીયા, કુંભારીયા, ટપ્પર, ચાંદ્રોડા, ભૂવડ, રામપર, શિનુગ્રા, નાની નાગલપર સહિત 13 ગામોમાં રોડ-રસ્તા, ગટર અને શાળાના કામોને મંજૂરી અપાઈ છે. મંત્રીશ્રીએ તાલુકા પંચાયતની કામગીરીને બિરદાવતા સરપંચોને જવાબદારીપૂર્વક કામ કરવા અપીલ કરી હતી.

આ કાર્યક્રમમાં તાલુકા પંચાયતના હોદેદારો તથા વિવિધ ગામના સરપંચો, સહિત મોટી સંખ્યામાં ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.

---------------------------------------------------------------------------------------

## બીએસએફ દ્વારા બીએસએફ રન રોડ ટુ હેવન

સીમા સુરક્ષા દળની સ્થાપનાના **60** વર્ષ પૂર્ણ થતા હિરક જયંતીની ઉજવણીના ભાગરૂપે આગામી **1** ફેબ્રુઆરીના રોજ ધોળાવીરામાં 'બીએસએફ રન - રોડ ટુ હેવન'નું આયોજન કરવામાં આવ્યું છે. ફિટનેસ, રાષ્ટ્રીય ગૌરવ અને સરહદી વિસ્તારોના સાંસ્કૃતિક મહત્વને પ્રોત્સાહન આપવાના ઉદ્દેશ્ય સાથે યોજાનારી આ મેરેથોનમાં **14** વર્ષથી વધુ ઉંમરના તમામ ઉત્સાહીઓ ભાગ લઈ શકશે.

આ સ્પર્ધાને ત્રણ શ્રેણીમાં વહેંચવામાં આવી છે, જેમાં **10** કિમી, **30** કિમી અને **60** કિમીની અલ્ટ્રા રનનો સમાવેશ થાય છે. શ્રેષ્ઠ પ્રદર્શન કરનાર દોડવીરો અને સંરક્ષણ કર્મચારીઓ માટે ખાસ ઇનામોની જોગવાઈ કરવામાં આવી છે. ખેલો ઈન્ડિયા અને ગુજરાત ટુરિઝમના સહયોગથી આયોજિત આ કાર્યક્રમમાં ક્રિશ સ્પોર્ટ્સ અને ચોઇસ ઇન્ટરનેશનલ પણ સહભાગી બન્યા છે.

---------------------------------------------------------------------------------------

## કચ્છમાં વિવિધ જાહેરનામા

કચ્છ જિલ્લામાં આગામી સમયમાં યોજાનારા ધાર્મિક તહેવારો અને મેળાઓ દરમિયાન કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તે હેતુથી અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ ડી.પી. ચૌહાણ દ્વારા તા. ૧૩ ફેબ્રુઆરી ૨૦૨૬ સુધી સમગ્ર જિલ્લામાં હથિયારબંધી સહિતના પ્રતિબંધાત્મક આદેશો જાહેર કરવામાં આવ્યા છે.

જાહેરનામા અનુસાર, જિલ્લાની તમામ સરકારી કચેરીઓ અને સેવા સદનોની ૧૦૦ મીટરની ત્રિજ્યામાં ધરણા, ભૂખ હડતાલ કે ચારથી વધુ વ્યક્તિઓના એકઠા થવા પર મનાઈ ફરમાવી છે. આ ઉપરાંત, રેલી સ્વરૂપે આવીને આવેદનપત્ર આપવા પર પણ પ્રતિબંધ રહેશે. સરકારી કચેરીઓમાં વચેટીયા તરીકે કામ કરતા બિનઅધિકૃત વ્યક્તિઓના પ્રવેશ પર પણ રોક લગાવી દેવામાં આવી છે.

આ આદેશોનો ભંગ કરનાર સામે ગુજરાત પોલીસ અધિનિયમની કલમ ૧૩૫ હેઠળ કડક શિક્ષાત્મક કાર્યવાહી કરવામાં આવશે. જોકે, લગ્નના વરઘોડા, સ્મશાનયાત્રા અને સરકારી કાર્યક્રમોને આ નિયંત્રણોમાંથી મુક્તિ આપવામાં આવી છે.

-------------------------------------------------------------------------------------------

## ગાંધીજીની નિર્વાણ દિન

રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીજીના નિર્વાણ દિન નિમિત્તે આજે વિવિધ સ્થળોએ પુષ્પાંજલિ અર્પણ કરાઇ હતી. ભુજ ખાતે ભુજ નગરપાલિકા, વિવિધ રાજકીય પક્ષો અને સામાજિક સંસ્થાઓ દ્વારા બાપુની પ્રતિમાને હારારોપણ કરી શ્રદ્ધાંજલિ અપાઇ હતી.

આ પ્રસંગે ઉપસ્થિત મહાનુભાવોએ ગાંધીજીના અહિંસા અને સત્યના આદર્શોને યાદ કર્યા હતા. સવારે ૧૧ કલાકે બે મિનિટનું મૌન પાળી દેશના શહીદોને નમન કરવામાં આવ્યા હતા.

-------------------------------------------------------------------------------------------